શ્રી ગણેશાય નમઃ



# સંવત ૧૯૯૫ ના જેઠ વદ ૩ ને સોમવાર તા. ૫-૬-૩૯ ના રોજ ગામ માણસા મુકામે પાંચ પરગણાના પંચ બસોબ્યાસી, સેતેર, દ્વાતાર, તથા બાવીશ તથા બારપરાં આ પાંચે પરગણા સમક્ષ ઠરાવ કરવામાં આવે છે તે નીચે મુજબ.

## ઠરાવ ૧ લો.

પ્રથમ દીકરીની સગાઇ કરતી વખતે રૂપીઓ ૧ ) સગાઇનો કરીને વરના બાપને કન્યાનો બાપ આપે, એટલે સગાઈ થઈ ગણાય. હાયડો તથા રાખડી તેમજ લગન લેવા જવું તે ત્રણે બંધ છે, સગાઈ તોડે તેના રૂપીઆ ૧૨ાા સાડાબાર દંડ લેવામાં આવશે. આ દંડ લેવાની સત્તા ગામની વસ્તીને રહેશે.

## ઠરાવ ૨ જો.

બન્ને સગાઓ (વેવાઈઓ) ની વીવાહ કરવાની મરજી થાય ત્યારે મુહુર્ત જોવરાવીને વાર તિથી નક્કી કરીને કન્યાનો બાપ બ્રાહ્મણની સાથે રૂપીઓ ૧) ચાંલ્લાનો લઈને વરના બાપને આપે, રૂા. આપીને વીવાહનો ઠરાવ જણાવનો આવે આ ઠરાવનો ભંગ કરનાર કરાવનાર નાતનો ગુનેગાર થશે અને રૂપીઆ ૧૨ાા દંડ લેવામાં આવશે.

## ઠરાવ ૩ જો.

જાન લઈને જવાની જે તીથી નક્કી કરી હોય તેજ દિવસે વરનો બાપ કન્યાના બાપને ઘેર જાન લઇને જાય તેના મોટા દાપાના રૂપીઆ ૨૨૫) બસોને પચીસ વરનો બાપ કન્યાના બાપને આપે તે ઉપરાંત વરનો બાપ વરઘડીયાને રૂપીઆ ૨ ) આપે અને તે ઉપરાંત મેળામણી બન્ને પક્ષો પોતપોતાની ચુકવે અને વરાવઓ વરનો બાપ ચુકવે અને જાનમાં વર બ્રાહ્મણ અને વરના બાપ સાથે માણસ ૨૦ જાનમાં જાય તે ઉપરાંત એક પણ માણસ જાનમાં જાય નહી, તે દાપામાંથી રૂપીઆ ૧૫) વળતરના કરી કન્યાનો બાપ વરના બાપને. રોકડા આપે એથી વધુ આપે નહી, અને દિકરી જમાઈને જેટલું ઘરમાડું આપવું હોય તેટલું આપે તેવી નાતની રજા છે અને જાનનું જમણ બે શીરા અને ખીચડું તે સીવાય બીજું ખરચ કરવું નહી. પાંચ દિવસથી વધારે જાન રહે નહી, અને જો વધુ દિવસ રહે તો નાતનો ગુનેગાર થશે. બાગોળે વરભાણું (ચુરમાની થાળી) આપવું ફરગત કોઇપણ

જાતની (ભાગોળ વિગેરે) ની કરવી નહી. દિકરી દિવો ભાગોળે આપવો આ ઠરાવ ઉપરના કરાર તમામ જાતના ભંગ કરનાર કરાવનાર નાતનો ગુનેગાર ગણાશે અને રૂપીઆ ૫૧) એકાવન દંડ થશે અને વસુલ કરવાની સત્તા પોતાની વસ્તીને રહેશે. ભાગોળે મેસ, પીઠી, ચાંહ્લો તથા ચોરીમાં અખોખો તથા ભાગોળે, પેંડીયાં, ગળ્યું પાણી, તથા ગળી ચોપડી કુઈ મેસુદી, ગોર મેસુદી, કટલી વસામણ ખોળે વાસવાનું વિગેરે તમામ જાતના આયદાનો બંને દાપાઓમાં બંધ કરવામાં આવ્યાં છે, જે ગામમાંથી વર પરણવા જાય તેના ગામોટ [બ્રાહ્મણ] ને રૂપીઆ ૨] વરનો બાપ આપે.

## ઠરાવ ૪ થો.

## નાના દાપાની વિગત.

નાના દાપાના રૂપીયા ૧૫૯) એકસોને ઓગણસાઠ વરનો બાપ કન્યાના બાપને આપે તેમાંથી રૂપીઆ ૧૦ ) દસ વળતરના કરીને કન્યાનો બાપ વરના બાપને આપે. વર બાહ્મણ અને છોકરાં સાથે અને વરના મોટાભાઇ સાથે ૧૧ માણસ જાનમાં જાય, તેનું જમણ શીરો, ખીચડુ, અને એક માંડવાનું ખીચડું કુલ જમણ બે અને વર ભાણું ( ચુરમાની થાળી ) ભાગોળે આપવું અને જાન ૩ દિવસથી વધારે રાખવી નહી એ ૨) રૂપીઆ વરઘડીયાને વરનો બાપ આપે, મેળામણી બંને પક્ષો પોતપોતાની ચુકવે વળાવીયો વરનો બાપ ચુકવે બંને દાપાનાં તમામ જાતનાં રચકલાં બંધ છે. અને દાપાનાં વળત ભાણું ભરતી વખતે ભાણામાંથી કન્યાનો બાપ વરના બાપને આપે. આગળ પાછળ વળતની રકમ બન્ને દાપાની આપવી લેવી નહી મોડવો જેવાનું તેમજ તમામ જાતનાં રચકલાં બંધ છે આ ઠરાવનો ભંગ કરનાર કરાવનાર નાતનો ગુનેગાર થશે અને દાપુ તોડીને વધારે રૂપીઆ લે તો તે વધારાના રૂપીઆ નાત લઇ લે અને બન્ને પક્ષો પાસેથી રૂપીઆ એકાવન એકાવન નાતનો ગુનો કર્યા બદલ દંડ લેવામાં આવશે. ગુનો વસુલ કરતાં કોઇ કોઇની પક્ષ કરી ગુનેગારને મદદ કરતા ઠરશે તો તે ભાઈ નાતનો ગુનેગાર ગણાશે અને રૂપીઆ ૫૧) એકાવન દંડ લેવામાં આવશે.

## ઠરાવ ૫ મો.

જ્યારે વરનો બાપ કન્યાનું પહેલું આણું કરવા જાય ત્યારે રૂપીઆ ૫૧) વરનો બાપ કન્યાનો બાપને આણા પેટે આપે અને તેમાંથી રૂપીઆ ૫ ) પાંચ કન્યાનો બાપ વરના બાપને પાઘડીના કરીને આપે એટલે આણાના વધારે રૂપીઆ લેવાની આશાએ કન્યાનો બાપ ન મોકલતો હોય તો અને સામાવાળો કોઇ પણ કારણ કાઢીને તેડી જતો ન હોય તે ગુન્હેગાર સાબીત થતાં રૂપીઆ ૫૧) દંડ લેવામાં આવશે. અને વરનો બાપ કન્યાના બાપના ગામોટને રૂ. ૦ાા આઠ આના આપે અને તે સિવાય કોઈ જાતની ભાગોળ કે ફરગત કરવી નહી અને જો ભાગોળ કે ફરગત કરશે તો રૂા. ૫૧) દંડ લેવામાં આવશે.

## ઠરાવ ૬ ઠો.

બ્રાહ્મણના લોમસદના રૂપીઆ (૯) નવ આથવા તેમાંથી રૂપિઆ (૬) છ કન્યાનો બાપ (૩) ત્રણ વરનો બાપ આપે. આ પ્રમાણે દાપામાંથી ટહુકા પાડીને આપે બ્રાહ્મણને અને ઝાંપાના તોરણ તથા માંડવાના તોરણ અને ચોરી સુધી રૂપીઆ ૯ નવ આપવા. છતાં પરચુરણ બીજા પૈસા આપવા કે લેવા નહી. બ્રાહ્મણ પરચુરણ પૈસા લેવાની આશા-એ લગ્નવિધી ન કરે તો તે સિવાય બીજા પુરોહીત પાસે વિધી કરાવી લેવી. તે બ્રાહ્મણ લગ્નવિધી ન કરે તો તેને પાંચ પરગણામાંથી દરેક પ્રકારનો આપવા લેવાનો એટલે રોટલો ખાટલો બંધ કરવામાં આવશે, અને તેવા બ્રાહ્મણને જો કોઇ ભાઇ સાથ આપશે તો નાતનો ગુન્હેગાર ગણી રૂા. ૧૨ાા દંડ લેવામાં આવશે. બીજુ એ છે કે નાના કે મોટા દાપામાંથી રૂા. ૯ નવજ ફકત બ્રાહ્મણને આપવાં.

## ઠરાવ ૭ મો.

નછોરવી કન્યાનું સાજનું કરવા જાય (પુનર્લગ્ન) ત્યારે દાપાના રૂપીઆ ૧૫૧) એકસો ને એકાવન વરનો બાપ કન્યાના બાપને આપે, અને તેમાંથી વરતના કરીને રૂા. ૧૦) દશ કન્યાનો બાપ વરના બાપને આપે. અને તે દાપાની વખતે આપે આગળ

પાછળ આપવા કે લેવા નહી અને માણસો પાંચ જાય. જમણમાં કંસાર અને ખીચડું એમ બે જમણ આપવાં. એથી વધારે આપવાં નહી. અને દિવસ ફક્ત ત્રણજ રહે એથી વધારે રહેવું નહી. આ ઠરાવનો ભંગ કરનાર નાતનો ગુન્હાર ગણી રૂા. ૫૧) એકાવન દંડ લેવામાં આવશે. બ્રાહ્મણને બંને પક્ષો તરફથી રૂા. ૪ાા સાડાચાર આપવા તેમાં વરનો બાપ રૂા. ૨) આપે તથા કન્યાનો બાપ રૂા. ૨ાા આપે. બન્ને સાજનામાં નાના તથા મોટા. આ બન્ને દાપાના કરારોનો ભંગ કરનાર તથા કરાવનાર નાતના ગુન્હેગાર ગણી રૂા. ૫૧) દંડ લેવામાં આવશે.

## ઠરાવ ૮ મો.

બાલ બચ્ચાંવાળી બાઇનું સાજનું કરવા જાય (પુનર્લગ્ન) ત્યારે દાપાના રૂપીઆ ૧૨૫) વરનો બાપ કન્યાના બાપને આપે. તેમાંથી વરતના રૂપીઆ ૫) પાંચ કન્યાનો બાપ વરના બાપને વરતના આપે. આ સાજનામાં ફક્ત માણસો ત્રણજ તેડવા જાય તેમાં જમણમાં કંસાર ખીચડું તથા બીજું ખીચડું એમ બે જમણ આપવાં.

## ઠરાવ ૯ મો.

સાજનાનું વરતીયું આંણું તેડવા જાય ત્યારે કન્યાનો બાપ વરના બાપને રૂા. ૫ પાંચ આપે તેમાથી રૂા. ૨ કન્યાના ભાઇને ધોતીના કરીને વરનો બાપ રૂ, ૨ આપે. તથા બાલબચ્ચાવાળી બાઈનું વરતીયું આણું તેડવા જાય ત્યારે રૂા. ૩ ત્રણ કન્યાનો બાપ વરના બાપને આપે. અને તેમાંથી રૂા. ૧ એક ધોતીનો કરીને કન્યાના ભાઇને આપે આ ઠરાવનો ભંગ કરનાર તથા કરાવનાર નાતનો ગુન્હેગાર ગણી રૂ. ૧૨ાા દંડ લેવામાં આવશે.

## ઠરાવ ૧૦ મો.

કોઈપણ કન્યા ઘરના બાંધે તો કન્યાનો બાપ રૂપીઆ ૨૫૦) વરના બાપને આપે અને ફારગતી લખાવી લે. અને તેમાંથી રૂ. ૫૧) નાતને આપે, અને વરના બાપને રૂ. ૨૦૦) લેવા રૂ. ૨૫૦) આપવા છતાં વરનો બાપ કે વર ફારગતી લખી આપે નહી તો રૂ. ૫૧) નાતની ગુન્હેગારીના આપીને કન્યાને ફારગતી કોરા કાગળે લખી આપે તે જવાબદારી નાતની છે, અને કોઈ ભાઇ કન્યા ના ગમવાથી ના રાખે તો રૂ. ૫૧) નાતને દંડ આપે અને તે બેમાંથી એક બાઇને કોરા કાગળે ફારગતી લખી આપે. આ ઠરાવનો ભંગ કરનાર કરાવનાર નાતના ગુન્હેગાર ગણી રૂ. ૫૧) દંડ લેવામાં આવશે.

## ઠરાવ ૧૧ મો.

કોઈ કન્યા રંડાય ત્યારે કન્યાનો બાપ એક જોડો શોકના કપડાં અને રૂ. ૧ ) એક આપીને તે બાઇને તેના પીએર તેડી જાય. તે ઉપરાંત આપનાર લેનાર બંને ગુન્હેગાર ગણાશે તથા ચુડલા કરમ કરતાં બાઈને ઠંડા પાણીથીજ નહવડાવવી જો કોઈ ગરમ પાણીથી બાઇને નવડાવે તો રૂ. ૧૨ાા દંડ લેવામાં આવશે. આણું કર્યા વગરની બાઈનું ચુડલા કરમ પોતાના પીયરમાંજ કરી લેવું. અને એક ઉપરાંત છોકરાની મા રંડાય તો તેની મરજી તથા પીયરના લોકોની મરજી અનુસાર વર્તવું. આ કરારનો ભંગ કરનાર તથા કરાવનાર નાતનો ગુન્હેગાર ગણી રૂ. ૫૧ ] દંડ લેવામાં આવશે, અને વેલની એક પણ પાઈ લેવી નહિ. અને જો કોઇ ન છોરવી કન્યા રંડાય ત્યારે તેને બાર દિવસે પોતનાં કપડાં નાંખીને તેના પીએર મોકલી દેવી અને નહિ મોકલનાર નાતનો ગુન્હેગાર ગણી રૂ. ૫૧) દંડ લેવામાં આવશે.

## ઠરાવ ૧૨ મો.

કોઈપણ ભાઈને કન્યાદાન આપે તો તેવા ભાઈને નાતના રજા છે, અને ચાંલ્લે કન્યા લેનાર ભાઈને ચાંલ્લે કન્યા આપવી પડશે. છતાં ચાંલ્લે લઈને દેશે નહિ તો દાપાના રૂપીઆ નાત લઇ જશે અને રૂપીઆ ૫૧) લેવામાં આવશે.

અને લગ્ન વિધીમાં ગોરો બેડું તથા ચરૂ અને નળો વગેરે વાસણો પોતાની દિકરીને આપવાની છુટ છે ગમે તે વસ્તુ આમાંની જેને આપવી હોય તે આપે.

## ઠરાવ ૧૩ મો.

દરેક બાઈના શ્રીમંત પ્રસંગે કન્યાના પીયરથી મામેરૂં રૂ. ૫૧) અને એક જોડો સુતરાઉ કપડાં આપવાં. તે ઉપરાંત એક પાઇ પણ વધારે આપવી નહી, અને આથી ઓછી

શક્તિવાળા ભાઇ પોતાની શક્તિ મુજબ આપે તે લઈ લેવા, અને કોઇપણ પ્રકારની ગરબડ કે તાણ કરીને લેવું નહી. આ ઠરાવનો ભંગ કરનાર તથા કરાવનાર નાતનો ગુન્હેગાર ગણી રૂ. ૫૧] દંડ લેવામાં આવશે, માબાપના (કાંધીઆ) એટલે વસ્તીનું નાનુ બારસું તેમ લગ્ન આ ત્રણે કામમાં રૂ. ૫૧) સુધીનું મામેરૂ થઈ શકશે. શ્રીમંતના મામેરાંમાં પાંચ માણસો જાય અને વરનો બાપ મામેરૂં લેનાર રૂ. ૫) ધોતીઆના કરીને મામેરૂ આપનારને આપે, મામેરૂ લઇને આવનારની સાથે આવેલા ભાઇઓ સાલ્લો ચેપાડુ આપે તે મામેરા ઉપરાંત લેવાની છુટ છે.

## ઠરાવ ૧૪ મો.

જે ભાઇ કળશ્યો અગર પરભા કરે તેના મામેરાઓમાં રૂ. ૭૫ થી વધારે કોઇ આપે નહિ તેમ રૂ. ૭૫) ઉપરાંત ટહુકો પણ થાય નહી. અને આમાં જણુસો તથા લુગડાં મળીને રૂ. ૭૫) પંચોતેર જેટલું મામેરૂં આપવું એથી વધારે આપવું લેવું નહિ, અને એથી વધારે આપે અપાવે તો નાતના ગુન્હેગાર ગણી રૂ. ૫૧) દંડ લેવામાં આવશે અને તેથી ઓછી શકિતવાળા ભાઇને પોતાની શકિત મુજબ આપે તે લઈ લેવું. કોઈ પણ પ્રકારની આનાકાની કરવી નહિ. તમામ મામેરામાં ચાલ્લામાં રૂ. ૧ સિવાય વધારે આપવો નહિ દરેક મામેરામાં ચોખા ખવાનું બંધ છે અને કળશ્યાના મામેરામાં ૮ આઠ માણુસો જાય ધોતીના કરીને રૂ. ૭ સાત મામેરા. લઇને આવનારને આપે. મામેરૂ લઇને આવનારની સાથે આવેલા ભાઈઓને સાલ્લો ધોતીયું આપવાની છુટ છે.

## ઠરાવ ૧૫ મો.

મોટું બારસું અને વરો અને પુજા વગેરે મોટા કામોમાં જે ભાઈઓ મામેરામાં આપે તેમાં જણુસો તથા કપડાં મળીને એકસોને એક (૧૦૧) રૂપીઆનો ટહુકો પડાવે. તે ઉપરાંત લેનાર આપનાર નાતનો ગુન્હેગાર ગણાશે. તેનો રૂપીઆ ૫૧) દંડ લેવામાં આવશે, અને તેથી ઓછી શકિતવાળા ભાઈ પોતાની શકિત મુજબ આપે તે લઇ લેવું. કોઈ પણ પ્રકારની આનાકાની કરવી નહી. અને માણુસો દશ જાય.

ધોતીઆના રૂપીઆ દશ આપે મામેરૂ લઈને આવનારને આપે અને મામેરૂ લઈને આવનારની સાથે આવેલા ભાઈઓને સાલ્લો ધોતીઉં આપવાની છુટ છે, તમામ મામેરામાં કરવર બંધ છે. વસ્તી ભાઇ બ્રાહ્મણ વીગેરે બંધ છે.

## ઠરાવ ૧૬ મો.

કળશ્યો તથા પરભા તથા બારસું તથા વસ્તી જમાડવી તથા વરો તથા પુજા વગેરે કામમાં વેવાણ તેડાવવી નહી. અને દિકરી જમાઈને તેડાવવાં વેવાણનો જુનો રીવાજ બંધ છે આ કરારનો ભંગ કરનાર તથા કરાવનારને ગુન્હેગાર ગણી રૂ. ૧૨॥ દંડ લેવામાં આવશે, વેવાણને મામેરામાં સાલ્લો પણ બંધ કર્યો છે.

## ઠરાવ ૧૭ મો.

આ ઠરાવ બસોને બાત્રી તથા છેતેર તથા બાવીસી તથા હોતેર અને બાર પરાં આ પાંચે પરગણાંમાંથી કોઇ પણ ભાઈ કોઇ પણ જાતનો દોષ કાઢીને પાંચ પચીસ ગામનું તડ પાડીને જુદા બેસે તેનો રૂા. ૫૦૧) પાંચસોને એક દંડ લેવામાં આવશે.

બસો બાત્રીમાં ચોપાન તથા સાયઠ તથા બેતાલીસ વગેરે મળીને તેમજ છેતેર હોતેર બાવીસી તથા બાર પરાં મળીને આ ઠરાવ મંજુર કરે છે કે ઉપરોકત પરગણામાં એક બીજાનું ગામ કોઈ પણ કારણસર બહાર કરેલું તે કોઇ પરગણું પોતાના તડમાં લે તો ઉપરનો ગુન્હો લેવામાં આવશે રૂ. ૫૦૧] આ પાંચે પરગણાને કબુલ મંજુર છે.

## ઠરાવ ૧૮ મો.

પાંચે પરગણાના ચમાર ભાઇઓ અમદાવાદમાં વસતા હોય તે સર્વેને ઘર દીઠ વર્ષે દીવસે ફાળામાં રૂ ૦। આના ચાર આપી નાતનો સભાસદ રહેવા ઠરાવે છે, તેમ કરવામાં (ન્યાત ફાળો આપવાની) દરેકની પવિત્ર ફરજ છે.

## ઠરાવ ૧૯ મો.

કાઞ્યો બારસું તથા ચરબા આ ત્રણે કામમાં રૂપીઆ ૧૨ા સાડાબાર દાપાના કરીને ગામોટને આપવા. રૂ. ૨ા ગોર તથા ગુરૂ બંને સવા છ પ્રમાણે આપવા, તે સીવાય બીજુ કાંઈ આપવું નહિ વરો તથા પુજામાં ગામોટને રૂ. ૨પા સવાપચીસ દાપાના કરીને આપવા ગુરૂ તથા ગોરને રૂ. ૧૨ા દાપાના કરીને આપવા મોટા કામના ઉપર જણાવેલા ત્રણમાં ઘડવીને રૂ. ૪) ઘોડાના કરીને આપવા બીજા બારોટને રૂ. ૪) ઘોડાના કરીને આપવા પરગણાના બડવાવોને ઘોડાના કરીને રૂપીઆ બબ્બે આપવા. પરગણાના ચાર પંડાઓને એકેક રૂપીઓ ઘોડાનો કરીને આપવો તે સીવાય માદરપાટ આપવો નહી, નાતે બંધ કર્યો છે, મોટા કામમાં બબ્બે ઘોડાના આપવા વરા તથા પુજામાં આપવાં.

## ઠરાવ ૨૦ મો.

આપણી નાતના તમામ નાના મોટા કામોમાં તમામ માગણો વધારે લેવા સારૂં ગામવાળાઓને ગલ્કે નહી તો તેવા માગણોને પોતાના શંભાના પાંચભાઈઓને મેળવીને તેવા માગણનો બહિષ્કાર કરવો. પાંચે પરગણાના ગામોમાં બહિષ્કાર જાહેર થયા પછી કોઈ પણ ભાઈ તેવા માગણને હોકો, પાણી તથા રોટલો, ખાટલો વગેરે કોઈપણ જાતનો વહેવાર કરે કરાવે તેવા ભાઈને નાતનો ગુનેગાર ગણીને રૂ. ૧૨ા દંડ લેવામાં આવશે.

## ઠરાવ ૨૧ મો.

દરેક નાના મોટા કામોની અંદર આપણી નાતના ભાઈઓ જે ખાણું ખાય તે ખાણું તમામ માગણોને ખાવાનું છે. જે રીતે નાત સુઇ રહેતી હોય તે રીતે આપણા માગણો ગોર, ગામોટ, તથા ગઢવી. બારોટ તથા મહંત તથા બડવા અને પંડયા વગેરે ગણાતા તમામ માગણો આપણી નાતની સરખી પથારીએ સુઇ રહેવું જોઈએ, કોઈ ભાઈ પોતાના ગુરૂ કે ગોર વગેરેની શરમ માનીને નાતના કરતાં પથારીના બદલે ખાટલો આપે અપાવે તો તેવા ભાઈ નાતના ગુનેગાર ગણાશે. તેનો રૂ. ૧૨ા દંડ લેવામાં આવશે સીધું કોઈને આપવું નહી.

## ઠરાવ ૨૨ મો.

આપણા પાંચે પરગણાના ગામોના ચમાર ભાઈઓ અંદરો અંદર એક બીજાના ગરાસોના ગામોમાં કોઈપણ ભાઈ કોઈ પણ પ્રકારનું નુકશાન કરે કરાવે, કોશ, ચામડું વગેરે આપે અપાવે તે નાતનો ગુનેગાર ગણી રૂ. ૫૧) દંડ લેવામાં આવશે.

## ઠરાવ ૨૩ મો.

આપણી ચમાર નાતને ગામમાં ગરાશ હોવાથી આખું વરસ સાંધવા સીવવા તથા તમામ જાતનું કામ કરવા તે ઉપરાંત ઘરાકોને ચામડાનો પરચુરણ માલ આખું વરસ મફત પુરો પાડવો તેના બદલે જુજબાજ દાણા વીગેરે ગામના રીતી રીવાજ મુજબ આપવાનું આવે ત્યારે કેટલાક ઘરાકો આપે નહી અને ઉપરથી ઉલટો ત્રાસ આપે અને ગામના જોડે બહિસ્કાર કરે કરાવે છે. તો આવી આફતમાં જે ગામ ફસાયું હોય તે ગામને પાંચે પરગણાના ગામના ચમાર ભાઈઓએ તન, મન અને ધનથી મદદ કરવી જોઈએ. તેવી આપણી ઉત્તમ પવિત્ર ફરજ સમજી મદદમાં ઉતરવું અને ઉપરના પ્રસંગનો લાભ લઈ દલિતમાં ગણાતી ઈતર કોમોવાળા ચમાર ભાઈઓના ગામના પશુઓનો ચામડાનો હકક છીનવી લેવાના ઇરાદા પુર્વક સામા પક્ષમાં જઈને ચમારોનું પારાવાર નુકસાન કરાવે છે. અને એથી આપણી જાતી અતિશય દેવાદાર અને ગરીબ સ્થિતીમાં આવી પડે છે. એ માટે ઇતર કોમોવાળો ભાઈ જે આડે આવ્યો હોય તેનું ગામ તથા આખા નામ સાથે આપણે

પાંચે પરગણામાં બહિસ્કાર જાહેર કરવો તેવા ઈતર કોમોવાળાનો બહિસ્કાર જાહેર થયા પછી આપણા કોઈપણ ચમાર ભાઈ આ કરારનો ભંગ કરે કરાવે તો તેને નાતનો ગુન્હેગાર ગણી રૂ. ૫૧) એકાવન દંડ લેવામાં આવશે.

## ઠરાવ ૨૪ મો.

કોઇ બાઇને તથા ભાઇને વરસ ૩૦) ત્રીસ સુધીની ઉમર સુધીમાં કોઈપણ બાળક ન થાય તો અગર બાળક બચતું ન હોય તથા વધુ પડતી દીકરીઓનોજ જન્મ થતો હોય તો તેવી બાઇના ઉપર છોકરાની આશાએ તેવા બાઇને પાંચ પાડોશી ભેગા કરીને બેરૂં કરવાની રજા આપવી. એવી રજા લીધેલો ભાઈ નાતનો ગુન્હેગાર ગણાશે નહી. ફક્ત રજા લેતાં રૂ. ૫) ચવાણાના આપવા પડશે. બીજા કોઈ પણ પ્રકારનો ગુન્હેગાર ગણાશે નહી. અને પાડોશી ભેગા થએલા પાંચ જણાઓને રૂ. ૫) ચવાણાના આપવા.

## ઠરાવ ૨૫ મો.

કોઇ ભાઇને કન્યા ગમતી ન હોય ને બીજી લાવે તો બન્નેમાંથી ગમે તે એક કન્યાનું લખાણું આપે અને કોરા કાગળે લખાણું આપે તથા નાતને દંડ રૂપીઆ એકાવન ૫૧) આપે એમાં કોઇ પક્ષપાત કરે તો તે પણ દંડ રૂ. ૧૨ા) આપે.

## ઠરાવ ૨૬ મો.

આપણી બસો બાસીના ગામોનાં તથા પાંચ પરગણાની નાતના ઠરાવ મુજબ બીજા પરગણાવાળો ના પાળે તો એ સગું તોડી નાખવું અને વર કન્યા બીજી પરણાવી દેવી. તેમ કરવામાં કોઈ કસુર કરે અને કરાવે તો નાતનો ગુન્હેગાર ગણી રૂ. ૧૨ા દંડ લેવામાં આવશે. પાંચ પરગણામાં તથા બસો બાસીના કોઈ પણ ભાઈ સગાઇ તોડે તો રૂ. ૧૨ા દંડ લેવામાં આવશે. કોઈ વર પડયો મૂકીને બીજે પરણાવે તો રૂ. ૨૫) દંડ લેવામાં આવશે. કોઈ ભાઈ કાઢવણું કાઢીને કોઈની બૈરી ઉપાડી જાય તો તે ધણીની બૈરી પાછી આપવી અને રૂપીઆ એકાવન ૫૧) દંડ લેવામાં આવશે. આમાં જો કોઇ પક્ષપાત કરે અને કરાવે તો તેનો ૫૧) એકાવન દંડ લેવામાંઆવશે.

## ઠરાવ ૨૭ મો.

આપણી નાત પાંચ પરગણાની સમક્ષ ઠરાવ કરે છે કે કોઈ જાસા ચીઠી કરીને કોઇ જાતનું આપણી કોમના ભાઇને નુકસાન થાય એવું વર્તન ચલાવે તો તે સાબીત થતાં નાતનો ગુન્હેગાર ગણી રૂ. ૫૧] એકાવન દંડ લેવામાં આવશે. કોઈ માણસ સગાવાલામાં વીરોધ થાય અને કોઈ પણ પ્રકારનું કાવનું કરી હેરાન કરે તો સાબીત થતાં જે માણસને હેરાન કર્યો હોય અને હૈરાન થનારને જે ખર્ચ થયું હોય. તે ઉપરાંત ખર્ચ નાતનો ગુન્હેગાર ગણી રૂ. ૫૧) દંડ લેવામાં આવશે. અને આમાં જે પક્ષપાત કરે અને કરાવે તેનો પણ રૂ. ૧૨ા દંડ લેવામાં આવશે. કોઇ પણ નાના મોટા કામમાં માગણોને ઘી આપવું નહી. ઘી આપનાર માણસને નાતનો ગુન્હેગાર ગણી રૂ. ૧૨ા દંડ લેવામાં આવશે. કોઈ પણ માણસ નાતમાં દારૂ પીને આવે અને તોફાન કરે તો રૂ. ૫) પાંચ નાતનો ગુન્હેગાર ગણીને દંડ લેવામાં આવશે. કોઈપણ ગામના માણસ પોતાની હદમાં ઢોર મર્યું હોય તે હદમાંથી પોતાના હકક પ્રમાણે લઈ આવે બીજી સાના ગામવાળાની હદમાંથી લાવવું કે લઈ જવું નહી. તે બાબતમાં કસુર કરી અન્યાય વર્તશે તો તેને નાતનો ગુન્હેગાર ગણી રૂ. ૧૨ા દંડ લેવામાં આવશે.

પોતાની વસ્તીમાંથી કોઈ પણ માણસ ચાંમડું છળ ભેદ કરીને લાવી પોતાના ગ્રાહકોને શીખવાડીને મારા ઘરાકનું છે તેમ કહેવડાવીને વેચી ખાશે તેને વસ્તીનો તથા નાતનો ગુન્હેગાર ગણી સાબીત થયે રૂ. ૧૨ા દંડ લેવામાં આવશે

તુરી તરગાળા તથા બ્રાહ્મણ વગેરેની ભવાઈ રમાડતી વખતે સ્ત્રી પુરૂષોની બેઠક જુદી જુદી રાખવી. બીજુ ખરાબ વેશો કાઢવા નહી. બીભત્સ શબ્દો બોલવા નહી. આથી વિરૂદ્ધ આવનારને નાતનો ગુન્હેગાર ગણી રૂ. ૧૨ાા દંડ લેવામાં આવશે.

## ઠરાવ ૨૮ મો.

આપણા પાંચે પરગણામાંનાં કોઇ ગામ પોતાનું પરગણું ભેગું કરે અગર પાંચ પરગણાં ભેગા કરે તો નુતરાના દીવસે ભેગા થઈ જવું ભેગું કરનાર માણસ ફરીથી તેડવા ગામોગામ જઇ શકશે નહિ અને ભેગા કરવાના દીવસોમાં કસુર કરશે અને નુતરા પ્રમાણે હાજર નહિ થાય તો નાતનો ગુનેહગાર ગણી કાઢવામાં આવશે.

## ઠરાવ ૨૯ મો.

ગામ માણસા મુકામે પાંચે પરગણાની સમક્ષ ગામ માણસાનાઅને સાઠના પરગણાનો વીસ અને ચાલીસ એવું નામ પડયું હતું તે માણસા ગામની સાથે બધાનો એકમેક સલાહ સંપ થઈ ગયો છે. માણસા સાથે સાઠ ગામમાંથી કોઈપણ પાંચ કે દશ ગામનું તડ પાડે તો ઉપરની કલમના રૂ. ૫૦૧) દંડ સાઠ ગામના પરગણાને આપે કોઇ આ કાયદો ભંગ કરે અને કરાવે તો રૂ. ૫૧) નાતના ગુન્હેગાર ગણી દંડ લેવામાં આવશે.

તેમ છતાં નાતને દાદ ન દે તો કાયદેસર નાતના આગેવાનો રૂ. ૫૦૧) કાયદેસર કોરટ મારફતે વસુલ કરે અને તે વસુલ કરતાં જે ખર્ચ આવે તે નાતના કાયદાનો ભંગ કરનારના શીરે છે. અને પાંચે પરગણામાં શુભ કામો પ્રસંગે વાજીંત્ર વગાડવાની છુટ છે.

ઉપરના ઠરાવો પાંચે પરગણાના ચમાર ભાઈઓએ મળીને માણસા મુકામે કર્યા છે. ઉપરના લખેલા તમામ ઠરાવોનો કોઇપણ ભાઇ વીરોધ કરે તો નાતનો ગુન્હેગાર ગણી કાઢવામાં આવશે અને યોગ્ય શિક્ષા થશે.

## ઠરાવ ૩૦ મો.

વરા, બારમાં, તથા કળશ્યો, પ્રભા તથા વિવા વગેરે નાના મોટા કામમાં જે તાવડીમાં ખાવાનો રીવાજ છે તે બંધ છે. અને જમણ વખતે પતરાળાં લાવવાં અને જે બ્રાહ્મણો વાસણ ભરી જાય છે તે પણ બંધ છે. તેઓ રીતસર બેસીને જમે. કોઈ ઘેર વાસણ ભરીને લઇ જાય નહી. આ ઠરાવથી કોઇ પણ વીરૂદ્ધ વર્તશે રૂ. ૧૨ાા દંડ લેવામાં આવશે. અને આમાં પક્ષપાત કરનાર તથા કરાવનાર બન્નેનો દંડ લેવામાં આવશે.

અમો નીચે સહીઓ કરનાર પાંચે પરગણાના આગેવાનો સહિઓ કરીએ છીએ.

| ચમાર નામ ગામ | ચમાર નામ ગામ |
| --- | --- |
| ૧ ચમાર ગના લાલા માણસા | ૧૮ ચમાર મગન કરસન પીંપળોજ |
| ૨ ચમાર રામા બેચર માણસા | ૧૯ ચમાર મોહન મોરાર રૂપાલ |
| ૩ ચમાર છગન હલા માણસા | ૨૦ ચમાર લાલા ધુળા ગોળથરૂ |
| ૪ ચમાર રેવા ગના માણસા | ૨૧ ચમાર જીવા દેવકણ સોજું |
| ૫ ચમાર ભુલા મુળા ઉનાવા | ૨૨ ચમાર હાલા મુળા આમજાના |
| ૬ ચમાર વીરા મીઠા રાંધેજા | ૨૩ ચમાર શંકર વાલા મોટી આદરજ |
| ૭ ચમાર ગોવિન્દ પિતામબર કોરવડા | ૨૪ ચમાર સદા માલા સઇઠવ |
| ૮ ચમાર ગફુર ત્રીકમ પેથાપુર | ૨૫ ચમાર જીવા જગા સોભાસણ |
| ૯ ચમાર મુળા લાલા લીબોદરા | ૨૬ ચમાર કાળા મીઠા ધોળો કુવો |
| ૧૦ ચમાર કાલા ઉકા માણેકપોર | ૨૭ ચમાર ઝીણા પિતામર હાજીપોર |
| ૧૧ ચમાર લાલા ઝીણા ગળથરૂ | ૨૮ ચમાર રેવા પુંજા થોળ |
| ૧૨ ચમાર કચરા કાળા અબોડના | ૨૯ ચમાર ઝીણા નથુ રાંચડા |
| ૧૩ ચમાર રામા કાળા દેલવાડા | ૩૦ ચમાર માના ગોવા નાનું વીરમગામ |
| ૧૪ ચમાર રેવા માધા અમરાપુર | ૩૧ ચમાર કાલા પુંજા શનાવડ |
| ૧૫ ચમાર માધા પુંજા અલવા | ૩૨ ચમાર ઝીણા ગણેશ રતનપોર. |
| ૧૬ ચમાર જેહા માધા મુમારપોર | ૩૩ ચમાર વીરા મેઘા લાયપરા. |
| ૧૭ ચમાર બાવા રામા પેંડાચળા | ૩૪ લલ્લુભાઈ વડાઇના. |

ચમાર નામ ગામ

૩૫ ચમાર ખુશાલ નના શેરીસા.
૩૬ ચમાર ગલા હીરા પીઆજ.
૩૭ ચમાર કાળા ગોવિન્દ કલોલ.
૩૮ ચમાર દાના દલા ટીંટોડા.
૩૯ ચમાર ચુના હરજી ડાંગ.
૪૦ ચમાર માના માંડણ વસાઈ.
૪૧ ચમાર મુળા ગગલ ડાભલા,
૪૨ ચમાર મીઠા મુળા ગોઝારીઆ.
૪૩ ચમાર પ્રાગ બેચર પઢારીઆ.
૪૪ ચમાર ભાયચંદ રણછોડ મેવ.
૪૫ ચમાર સુંદરા લખા હરણા હોડું.
૪૬ ચમાર મુળા શામા મુળસણ.
૪૭ ચમાર મીઠા પરમા ખેરવા.
૪૮ ચમાર દલા બેચર સાગલપુર.
૪૯ ચમાર ભાયચંદ કરસન લાગાપોર.
૫૦ ચમાર કીશોર શામા મહેસાણા.
૫૧ ચમાર જીવા દુધા નાગલપુર.
૫૨ ચમાર કચરા રઘા હીંડાવા.
૫૩ ચમાર છગન ધના મરડા.
૫૪ ચમાર માના સવા સામિત્રા
૫૫ ચમાર હરજી રામા બોરીઆવી
૫૬ ચમાર નાગર રણછોડ જગુદન.
૫૭ ચમાર મનાં ધના બારીઆસણ.
૫૮ ચમાર સોમા ભાયચંદ ભાખડીઆ.
૫૯ ચમાર નારણ કરસન જેતલપુર.
૬૦ ચમાર જેઠા દાના ચલાવા
૬૧ ચમાર શામા ત્રીકમ આખોજ.
૬૨ ચમાર માધા ગના લાંઘણજ.
૬૩ ચમાર શીવા નારણ લાંઘણજ
૬૪ ચમાર મોતી રામા પારસા
૬૫ ચમાર મગન કાળા જમનાપોર
૬૬ ચમાર ખુશાલ સવા ડાંગરવા
૬૭ ચમાર ભગા સવા ટુંડાલી
૬૮ ચમાર દેવા દુધા ધનાલી
૬૯ ચમાર ભગા હીરા સરસાઈ
૭૦ ચમાર ગગલ કલા રાજપુર
૭૧ ચમાર ડુંગર સવા બીલીઆનું પરૂ
૭૨ ચમાર પુંજા દલા ધાનોજ
૭૩ ચમાર કાળા વસ્તા કલોલ
૭૪ ચમાર વસરામ માના ધમાસણા
૭૫ ચમાર હીરા માના મોકાસણ
૭૬ ચમાર વીરા બાલા નારદીપુર
૭૭ ચમાર ખુશાલ પિતામર જોરણક
૭૮ ચમાર નરસી ગલા જોરણક
૭૯ ચમાર પુંજા મુળા પાનસર
૮૦ ચમાર કાળા મુળા ખીલોદરા
૮૧ ચમાર બેચર માના દેલવાડું
૮૨ ચમાર કચરા નારણ આજોલ
૮૩ ચમાર બેચર અમરા ચરાડા
૮૪ ચમાર દેવા વાલા તરપોજ
૮૫ ચમાર રામા ભીખા ધમેડુ
૮૬ ચમાર ધમીર મુળા સોહલીઆ
૮૭ ચમાર લાલા બેચર ઈટાદરા
૮૮ ચમાર બાવા મુળા પુંજાપરૂં
૮૯ ચમાર ગણેશ મુળા રામપુરા
૯૦ ચમાર ધના પુંજા વાગોસણું
૯૧ ચમાર કાળા પિતામર વેડા
૯૨ ચમાર કાળા વસ્તા ખોરજ
૯૩ ચમાર માના મીઠા વડસમા
૯૪ ચમાર રામા પના સુરજ
૯૫ ચમાર મંગા પીતાંબર સેડાવી.
૯૬ ચમાર મોહન ઉકા કીયોલ.
૯૭ ચમાર વાલા વીરા દેસુંણા.
૯૮ ચમાર રતના ડાહ્યા નગરાસણ.
૯૯ ચમાર દેવા નાથા જેટાણા.
૧૦૦ ચમાર પાંના લાલા કસળપુરા.
૧૦૧ ચમાર ચેહુ સવા કટોસણ.
૧૦૨ ચમાર જીવા નરસી દેલોલી.
૧૦૩ ચમાર મીઠા લાખા નુગોરના.
૧૦૪ ચમાર છગન કશરા પાળોજ.
૧૦૫ ચમાર અમરાવાલા રાજપરા.
૧૦૬ ચમાર વીરા પ્રાગ મરતોલી.
૧૦૭ ચમાર મુળા આલા તેજપુરા.
૧૦૮ ચમાર માધા ગોકળ નદાસુ.
૧૦૯ ચમાર ખુશાલ ખાંના બલોલ.
૧૧૦ ચમાર અમથા હીરા ઈછપુરા.
૧૧૧ ચમાર હીરા ખુશાલ સદુથળા
૧૧૨ ચમાર તેજા ખાના મગુના.
૧૧૩ ચમાર પરમા લવજી ગમનપુરા.
૧૧૪ ચમાર સદા માંના મીઠાના.
૧૧૫ ચમાર રૂપા માના માંકણોદ.
૧૧૬ ચમાર રામા ગણેસ કાંનપુરા.
૧૧૭ ચમાર ઘેમા ત્રીકમ વીજાપુર.
૧૧૮ ચમાર સદા પુના લાડોલ.
૧૧૯ ચમાર રતના મકના જંતરાલ.
૧૨૦ ચમાર સદા હારી ખરોડ.

૧૨૧ ચમાર સોમા જેઠા મલોસણ
૧૨૨ ,, પરમા હીરા ગેરીતા
૧૨૩ ,, મગન કાળા અલવડા
૧૨૪ ,, મોહન જીવા ચેસણા
૧૨૫ ,, મોતી કડાના
૧૨૬ ,, અમથા સવા વેરના
૧૨૭ ,, વરૂ ગોકળ ગડાલીના
૧૨૮ ,, સેધા ઉગરા ટિટુંદણ
૧૨૯ ,, બેચર અમથા રીધલોલ
૧૩૦ ,, વાલા ડુંગર લોદરા
૧૩૧ ,, નાના હરી વેડાના
૧૩૨ ,, સદા રામા પુધરાના.
૧૩૩ ,, અમથા પુંજા ગસાતાન.
૧૩૪ ,, હરજી બીજલ વરસાડોના.
૧૩૫ ,, હીરા રતના વરસોડાના.
૧૩૬ ,, રામા સવા ગડાતના.
૧૩૭ ,, ભીખા બેચર વડનગર.
૧૩૮ ,, લવજી ભીખા એરાલુંના.
૧૩૯ ,, મોહન તળશી ઉદલપુર.
૧૪૦ ,, કાળા રેવા મધરાડોના.
૧૪૧ ,, કાળા કુબેર ધાંમણુવા,
૧૪૨ ,, ગણેશ મુળા બાસણાના.
૧૪૩ ,, ગણેશ હરજી ઘડાના.
૧૪૪ ,, ઉકા હરી ગામ પરાના.
૧૪૫ ,, કાળા બેચર બાંમણુવા.
૧૪૬ ,, સોમા રામા રાવળાના.
૧૪૭ ,, અમથા અમરા ઠડીયાળના.

શ્રી.

## પાંચ પરગણાના ચમાર ભાઈની બંધારણ કમેટીના નામ નીચે મુજબ છે.

તા. ૫-૬-૩૯ ના રોજ.

**બસો બાસી તથા સેતેર તથા દોતેર તથા બાવીસી તથા બાર પરાં કુલ મલી પાંચે પરગણાએ માણસા મુકામે નાતના બંધારણ કમેટીના સભ્યોની નિમણુક કરી છે.**

૧ ચમાર રેવાભાઈ ભુદરદાશ સુરજના.
૨ ,, મગન કાળા વસાઈના.
૩ ,, અમરા વાલા રાજપુરના.
૪ ,, રામા પના સુરજના.
૫ ,, મોહન મથા સરસાઈ.
૬ ,, લાલા બેચર ઇટાદરા.
૭ ,, જેઠા મુળા લાંઘણજ.
૮ ,, જીવા ખુશાલ લંઘણુજ.
૯ ,, માધા ગના લાંઘણજ.
૧૦ ,, સંકર કાળા ગોઝારીઆ.
૧૧ ,, લાલ પુંજા પાનસર.
૧૨ ,, કરસન ઉકા પાનસર.
૧૩ ,, છગન દલા માણસા.
૧૪ ,, શીવા જીવા માણસા.
૧૫ ,, મુળા દાના પળીયેર.
૧૬ ,, મોતી માલા કોલવડાના.
૧૭ ,, મોહન મોરાર રૂપાલના.
૧૮ ,, ગોવીંદ પીતાંબર કોલવડાના.
૧૯ ,, વીરા મીઠા રાંધેજાના.
૨૦ ,, દુધા બેચર ઉનાવાના.
૨૧ ,, રેવા ગના માણસાના.
૨૨ ,, આલા ત્રીકમ માણસા.
૨૩ ,, મેહુ સવા કટોસણાના.
૨૪ ,, કગર લાખા જુગોરના.
૨૫ ,, જીવા નરસી દેલોલીના.
૨૬ ,, ખુશાલ અમથા થોળના.
૨૭ ,, હમીર રામા રાંચડાના.
૨૮ ,, કાળા વરતા કલોલના.
૨૯ ,, ચુથા પીતાંબર હાજીપોરના. (વીજાપુર)
૩૦ ,, લખા મુળા ગેરીતાના.
૩૧ ,, પરમા હીરા લાડોલના.
૩૨ ,, જીવા કાળા
૩૩ ,, રેવા ધુળા કઈપોરના.
૩૪ ,, લવજી ભીખા એરાલુંના.
૩૫ ,, મોહન નરસી ઉદલપુર.
૩૬ ,, ગણેશ મુળા બાસણાના.

છપાવી પ્રસીદ્ધ કરનાર ગામ માણસાના આગેવાન ભાઈઓનાં નામ નિચે મુજબ.

૧ ચમાર રીતા જીવા.

૨ ,, આલા ત્રીકમ.

૩ ચમાર નરસી ભેચર

૪ ,, રેવા ગના.

## સ્ટાંપ મોકલવાની યાદીના ગામો.

### ચોપન પરગણાના ગામોનાં નામો.

૧ ઊનાવુ તા. કલોલ.

૨ આજીપોર તા. કડી.

૩ બાવળુ તા. કડી.

૪ કડી તા. સદર.

૫ માણસા તા. સદર.

### સેતેર પરગણાનાં નામો.

૧ વિજાપુર તા. સદર ૬ કાગળ

૨ ખેરાળુ કાગળ ૪

૩ વડનગર કાગળ ૨

૪ બાસણા કાગળ ૨ બાવીસી

૮ કાગળ.

૫ ગોઠવા કાગળ

### બેતાલીસ.

૬ જોટાણા કાગળ.

૭ કટોસણ ,,

૮ દેલોલી ,,

૯ નુગેર ,,

### સાઠ પરગણાના ગામોનાં નામો.

૧ રાજપોર તા. કડી.

૨ ડાંગરવા તા. કડી.

૩ લાંઘણુજ તા. મહેસાણા.

૪ કલોલ તા. સદર.

૫ મહેસાણા તા. સદર.

૬ જગુદણ તા. મહેસાણા.

૭ પળીયર તા. કલોલ.

૮ વસઈ તા. વિજાપુર,

૯ ગોજારીયા તા. વિજાપુર.

૧૦ ચરાડા તા. વિજાપુર.

૧૧ સરસાઈ તા. કડી.

૧૨ અમદાવાદ ખાડા મીલ સોસાયટી જેઠા મુળા.

૧૩ ઓમ નગર અમદાવાદ હાઉસીંગ સોસાઈટી રેવાભાઈ.

૧૪ સોમા મુળા ઈટવાડા અમદાવાદ.

૧૭

૩૧ કુલ કાગળ.

**આ સ્ટાંપના કાગળો ઉપરના સ્થળે મોકલ્યા છે.**